# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-04-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો પરત ખેચવાના છેલ્લા દિવસે અનેક ઉમેદવારોએ નામાંકન પાછા લીધા - કેટલાક બિનહરીફ થવાના અહેવાલ.
2) 20 હજાર ટનથી વધુ LPG ગેસ લઈ આવેલુ ભારતીય જહાજ “જગ વિક્રમ”નું કચ્છના દિનદયાળ બંદર પર આગમન.
3) ગુજરાત ગેસ લિમિટેડ અને સિરામિક સંગઠનના પ્રયાસથી મોરબીના 142 સિરામિક એકમ કાર્યરત્ કરાયા.
4) રાજ્યમાં આગામી ચાર દિવસ ગરમી યથાવત્ રહેવાની શક્યતા.
5) મહેસાણાના ખેલાડી રમેશ ચૌધરીએ દિલ્હીમાં રમાયેલી રાષ્ટ્રીય માસ્ટર્સ એથ્લેટિક્સ સ્પર્ધામાં ત્રણ ચંદ્રક જીત્યા.

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# NOMINATION WITHDRAWAL

રાજ્યમાં આગામી 26 તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના છેલ્લા દિવસે આજે અનેક ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પરત ખેંચ્યા. તો, કેટલીક જગ્યાએ ઉમેદવારો બિનહરીફ થયાના પણ અહેવાલ છે.

ગાંધીનગરમાં માણસા તાલુકા પંચાયતની વધુ એક સોલૈયા બેઠક પર ભાજપના ઉમેદવારને બિનહરીફ જાહેર કરાયા.

નવસારીમાં જિલ્લા અને તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ 58 બેઠક પર બિનહરીફ જાહેર થઈ હોવાનું અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે. ઉપરાંત ગણદેવી નગરપાલિકાની કુલ 24 બેઠકમાંથી 22 બેઠક પર ભાજપના ઉમેદવારો બિનહરીફ થયા છે. જોકે, એક અપક્ષ ઉમેદવારે બે વૉર્ડમાં ઉમેદવારી પરત ન ખેંચતા હવે તે માટે ચૂંટણી લડાશે.

બનાસકાંઠામાં ઉમેદવારીપત્ર પરત ખેંચવાના છેલ્લા દિવસે આજે એક પણ બેઠક બિનહરીફ ન થતાં જિલ્લા પંચાયતની કુલ 48 બેઠક પર 144 ઉમેદવાર મેદાનમાં હશે.

મહીસાગર જિલ્લામાં કોઠંબાની જેથરી બોરની બેઠક પરથી કૉંગ્રેસનાં ઉમેદવારે ઉમેદવારીપત્ર પરત ખેંચતા ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થશે.

ભરૂચમાં આમોદ નગરપાલિકાની ચૂંટણી માટે આજે ચાર ઉમેદવારીપત્ર પરત ખેંચાતા 24 બેઠક માટે 54 ઉમેદવાર હવે મેદાનમાં રહ્યા છે.

તો, વલસાડ તાલુકામાં જિલ્લા પંચાયતની નવ બેઠકમાંથી ત્રણ કોસંબા, દાંતી કકવાડી અને નનકવાડા બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે. આ ત્રણેય બેઠક પર કૉંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પરત ખેંચ્યું છે.

તાપીમાં વ્યારા નગરપાલિકામાં નવ અને નિઝર તાલુકા પંચાયતમાં એક એમ કુલ 10 બેઠક પર ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે.

સુરેન્દ્રનગરમાં થાનગઢ તાલુકા પંચાયતની સોનગઢ બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે.

મહેસાણામાં આજે 13 જેટલા ઉમેદવારીપત્ર પરત ખેંચાયા.

# ELECTION CAMPAIGN

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આગામી ચૂંટણી માટે રાજકીય પક્ષના નેતાઓ દ્વારા પૂરજોશમાં પ્રચાર કરવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મહેસાણાના લિંચ ખાતે વિકાસ સંકલ્પ સભાને સંબોધી ભાજપના ઉમેદવારોના પક્ષમાં પ્રચાર કર્યો.

તો, નાણામંત્રી કનુ દેસાઈએ વલસાડમાં વાપી મહાનગરપાલિકામાં પહેલી વાર યોજાનારી ચૂંટણી માટે પ્રચાર શરૂ કર્યો.

ગુજરાત કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા પણ વિવિધ જિલ્લામાં ચૂંટણી સભાઓ દ્વારા ચૂંટણી પ્રચાર કરાયો હતો.

દરમિયાન, કોંગ્રેસે રાજ્યમાં નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા અંગે  રાજ્ય ચૂંટણી આયોગ સમક્ષ રજૂઆત કરી છે અને ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે કેટલાક અધિકારીઓને તાત્કાલિક અસરથી ફરજ બદલી કરવાની માંગણી કરી છે.

# GUJARAT JAG VIKRAM

LPG ગેસ ભરેલું વધુ એક ભારતીય જહાજ “જગ વિક્રમ” આજે 20 હજાર 400 મેટ્રિક ટન જથ્થા સાથે કચ્છના દિનદયાળ બંદર પર પહોંચ્યું. આ જહાજનું ભારત આગમન એટલે મહત્વનું છે. કારણ કે, અમેરિકા અને ઈરાન વચ્ચે 14 દિવસના યુદ્ધવિરામની જાહેરાત બાદ તે હોર્મૂઝ સામુદ્રધુનીમાંથી પસાર થનારું પહેલું ભારતીય જહાજ છે.

(VOICECAST: ASHRAF NATHVANI)

# MORBI CERAMIC OIL

રાજ્યમાં વૈશ્વિક ઉર્જા સંકટ વચ્ચે મોરબીમાં લગભગ 142 સિરામિક એકમ હાલમાં કાર્યરત્ છે. આ પ્રદેશમાં પાઈપ્ડ નેચરલ ગેસ - PNG ના અધિકૃત સપ્લાયર ગુજરાત ગેસ લિમિટેડ - GGL અને મોરબી સિરામિક એસોસિએશનના સંયુક્ત પ્રયાસથી 142 સિરામિક એકમ ફરીથી કાર્યરત્ થયા છે.

GGLની સત્તાવાર યાદી મુજબ, ફેબ્રુઆરી 2026માં ઉર્જા સંકટ પહેલા, મોરબીમાં લગભગ 377 ગ્રાહકો PNGનો ઉપયોગ કરતા હતા. તેની સરખામણીએ 415 જેટલા એકમ યુનિટ મુખ્ય તેલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા પૂરા પાડવામાં આવતા પ્રોપેન પર આધાર રાખતા હતા, જે કુલ ઇંધણ જરૂરિયાતના લગભગ 70 ટકા હિસ્સો ધરાવતા હતા.

જોકે, અમેરિકા-ઈરાન સંઘર્ષ અને ત્યારબાદ વૈશ્વિક લિક્વિફાઇડ નેચરલ ગેસ - LNG પુરવઠામાં વિક્ષેપોને પગલે, ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ, GGLને ગત છ મહિનાના સરેરાશના 80 ટકા સુધી પૂરવઠાને નિયંત્રિત કરવો પડ્યો. પૂરવઠામાં વિક્ષેપ અને વધતા ઇંધણ ખર્ચને પગલે પ્રદેશના ઘણા એકમે માર્ચના મધ્યથી સ્વેચ્છાએ કામગીરી સ્થગિત કરી દીધી હતી.

# GOVT ON WEST ASIA

દેશમાં છેલ્લા એક મહિનામાં દેશમાં એક લાખ 34 હજાર ટનથી વધુ વ્યાવસાયિક LPG નું વિતરણ કરાયું છે. નવી દિલ્હીમાં આંતર-મંત્રાલય પત્રકાર પરિષદને સંબોધતા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું, દેશભરમાં LPGનો ઘરેલુ પૂરવઠો સામાન્ય છે. તેમણે કહ્યું LPG બાટલાઓની ઑનલાઈન બૂકિંગ 98 ટકા સુધી પહોંચી છે. પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે સરકારે દેશભરમાં ઘરેલું LPGનો 100 ટકા પૂરવઠો સુનિશ્ચિત હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

# GNR NARISHAKTI VANDANA PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અવકાશથી લઈ રમતગમત સુધી અને સેનાથી લઈ વહીવટી તંત્ર સુધી દરેક ક્ષેત્રે શ્રેષ્ઠ યોગદાન આપી રહેલી દેશની મહિલાઓની પ્રશંસા કરી. ગાંધીનગરમાં નારીશક્તિ વંદના કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે પરિવારની મજબૂત આધારશિલા એવી નારીશક્તિ હવે રાષ્ટ્રનિર્માણમાં પણ અગ્રેસર હોવાનું જણાવ્યું.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

આ પ્રસંગે પદ્મશ્રી રમીલાબેન ગામિત સહિત વિવિધ ક્ષેત્રની અગ્રણી મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# BANAS DAIRY DOODH DAY CELEBRATION

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ બનાસ ડેરી સાથે જોડાયેલી મહિલાઓને અન્ય મહિલાઓ માટે પ્રેરણારૂપ ગણાવી. બનાસકાંઠાના સણાદાર પ્લાન્ટ ખાતે “દૂધ દિન” અને મહિલા જાગૃતિ કાર્યક્રમની ઉજવણી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા શ્રી સંઘવીએ શ્વેતક્રાંતિમાં મહિલાઓના નોંધપાત્ર યોગદાનની પ્રશંસા કરી. બનાસ ડેરી જે રીતે પશુપાલકો, ખાસ કરીને મહિલાઓને આર્થિક રીતે પગભર કરી રહી હોવાનું પણ શ્રી સંઘવીએ ઉમેર્યું હતું.

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

DESK

# EVE WEATHER UPDATE

રાજ્યમાં આગામી ચાર દિવસ ગરમી યથાવત્ રહેવાની શક્યતા છે. ત્યારબાદ મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સૅલ્સિયસનો વધારો થઈ શકે છે. જ્યારે આગામી 19 અને 20 તારીખે રાજ્યમાં કેટલીક જગ્યાએ સામાન્ય કમોસમી વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું હાલ રાજ્યમાં મહત્તમ તાપમાનનો પારો ફરી 40 ડિગ્રી સૅલ્સિયસને પાર પહોંચ્યો છે.

**(BYTE : A.K.DAS)**

ગત 24 કલાકમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રાજકોટમાં નોંધાયું. જ્યારે અમરેલી, સુરેન્દ્રનગર, અમદાવાદ અને ગાંધીનગરમાં 41 તથા આ સિવાયના જિલ્લા અને શહેરમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી અને તેનાથી ઓછું રહ્યાના અહેવાલ છે.

# MEHSANA PLAYERS MEDAL

મહેસાણાના ખેલાડી રમેશ ચૌધરીએ રાષ્ટ્રીય માસ્ટર્સ એથ્લેટિક્સ સ્પર્ધામા બે સુવર્ણ અને એક કાંસ્ય ચંદ્રક જીત્યા છે. તાજેતરમાં દિલ્હીના વિનોદનગર રમતગમત સંકુલ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં ખેલાડીએ આ સિદ્ધિ મેળવી છે.

રમેશ ચૌધરીએ દેશભરમાંથી સ્પર્ધામાં ભાગ લેનારા ખેલાડીઓને પાછળ મૂકી અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને ત્રણ ચંદ્રક પોતાના નામે કર્યા હતા. હવે, તેઓ શ્રીલંકાના કોલંબોમાં યોજાનારી આંતર-રાષ્ટ્રીય માસ્ટર્સ સ્પર્ધામાં ભાગ લેશે.

# PANCHMAHAL VEHICLE THEFT

પંચમહાલ જિલ્લામાં ચોરીના વાહનોને સ્ક્રેપ થયેલા વાહનોના નંબર અને ચેસીસ સાથે વેચવાના ગેરકાયદેસર કામોને પોલીસે પકડી પડ્યા છે. અને ગોધરા શહેરમાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

મળેલી માહિતીના આધારે ગોધરાના સિમલા વિસ્તારમાં પોલીસ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા, જ્યાંથી મોટી સંખ્યામાં નંબર પ્લેટ, ચેસીસ નંબરવાળી લોખંડની પ્લેટો તેમજ વિવિધ વાહનોની અસલ આર.સી. બુક કબજે કરવામાં આવી છે.અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે